**GUJARAT BILL NO. 20 OF 2023.**

# THE CHAMPANER-PAVAGADH ARCHAEOLOGICAL PARK WORLD HERITAGE AREA MANAGEMENT AUTHORITY (REPEAL) BILL, 2023.

## *A BILL*

*to repeal the Champaner-Pavagadh Archaeological Park World Heritage Area Management Authority Act, 2006.*

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૦.**

**ચાંપાનેર–પાવાગઢ આર્કિઓલોજિકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી (રદ કરવા બાબત) વિધેયક, ૨૦૨૩.**

**ચાંપાનેર–પાવાગઢ આર્કિઓલોજિકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી અધિનિયમ, ૨૦૦૬ રદ કરવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ–

૧. આ અધિનિયમ ચાંપાનેર–પાવાગઢ આર્કિઓલોજિકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી (રદ કરવા બાબત) અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

સન ૨૦૦૬નો ગુજરાતનો ૨૮મો.

૨. (૧) ચાંપાનેર–પાવાગઢ આર્કિઓલોજિકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી અધિનિયમ, ૨૦૦૬, આથી, રદ કરવામાં આવે છે. રદ કરવા બાબત અને અપવાદ.

સન ૨૦૦૬નો ગુજરાતનો ૨૮–મો.

સન ૧૯૦૪નો મુંબઈનો ૧લો.

(૨) આવી રીતે રદ થવા છતાં, ચાંપાનેર–પાવાગઢ આર્કિઓલોજિકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી અધિનિયમ, ૨૦૦૬ રદ કરવાના સંબંધમાં, ગુજરાત સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ની કલમ ૭ની જોગવાઈઓ એવી રીતે લાગુ પડશે જાણે કે તે અધિનિયમ, સદરહુ કલમ ૭ના અર્થ મુજબનો અધિનિયમન હોય.

## ઉદ્દેશો અને કારણો

ચાંપાનેર-પાવાગઢ આર્કિઓલોજિકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી અધિનિયમ, ૨૦૦૬, ચાંપાનેર-પાવાગઢ આર્કિઓલોજિકલ પાર્કના હેરિટેજ(વારસા)ની અને તેની આસપાસના કુદરતી પ્રદેશની સંકલિત જાળવણી કરવા, તેની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ઓળખની જાળવણી કરવા અને તેનો અનિયંત્રિત વિકાસ અને વાણિજ્યિક ઉપયોગ અટકાવવા માટે પણ અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતોની વ્યવસ્થા કરવા માટેની અને તે સુનિશ્ચિત કરવા માટે ઓથોરિટીની રચના કરવા માટેની અને સ્થાપના કરવા માટેની જોગવાઈ કરવા અધિનિયમિત કર્યો હતો.

હવે, રાજ્ય સરકારે, તા. ૧૭મી જૂન, ૨૦૨૩ના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામાથી પાવાગઢ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીની સ્થાપના કરી છે અને ચાંપાનેર ગ્રામ પંચાયતની હકૂમતની અંદર આવતા વિસ્તારો અને પંચમહાલ જિલ્લાના ગામોની મહેસૂલી હદોમાં આવતા વિસ્તારોને જાહેર કરીને વ્યાખ્યાયિત પણ કર્યા છે અને તેને ધ્યાનમાં રાખીને, ચાંપાનેર-પાવાગઢ આર્કિઓલોજિકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી અધિનિયમ, ૨૦૦૬, અનાવશ્યક બની ગયા છે અને તેને કાનૂનીપોથીમાં રાખવાની જરૂર નથી. તેથી, સન ૨૦૦૬ના ઉપર્યુક્ત અધિનિયમને રદ કરવો જરૂરી જણાય છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા ધાર્યું છે.

**તારીખ: ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૨૩.** **મુળુભાઈ બેરા.**

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૦ .]

[ચાંપાનેર–પાવાગઢ આર્કિઓલોજિકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી અધિનિયમ, ૨૦૦૯ રદ કરવા બાબત વિધેયક. ]

[ શ્રી મુળુભાઈ બેરા,
સાંસ્કૃતિક પ્રવૃતિઓના મંત્રીશ્રી]

(સન ૨૦૨૩ના સપ્ટેમ્બર મહિનાની ૬ઠ્ઠી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.